ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G0

# ભાજપ-કોંગ્રેસના સંભવિત ઉમેદવારો

| ભાજપ | કોંગ્રેસ |
|---|---|
| **● વડોદરા** | |
| રંજનબેન ભટ્ટ, જ્યોતિબેન પંડ્યા, ભાર્ગવભાઈ ભટ્ટ, શબ્દશરણ બ્રહ્મભટ્ટ | પ્રશાંત પટેલ, (જાહેર) |
| **● ભરૂચ** | |
| મનસુખ વસાવા, ઘનશ્યામ પટેલ, દર્શના દેશમુખ, ભરતસિંહ પરમાર | છોટુભાઈ વસાવા (ગઠબંધન) |
| **● વલસાડ** | |
| કે.સી. પટેલ, ડી.સી. પટેલ, રમણભાઈ પાટકર, અરવિંદ પટેલ, મહેન્દ્ર ચૌધરી | કિશન પટેલ, જીતુ ચૌધરી અને અનંત પટેલ |
| **● નવસારી** | |
| સી.આર. પાટીલ | ધર્મેશ પટેલ, રવિન્દ્ર પાટીલ અને તારાચંદ કાસટ |
| **● બારડોલી** | |
| પ્રભુ વસાવા, કુંવરજી હળપતિ, રીતેશ વસાવા, મોહન ડોડીયા | ડૉ. તુષાર ચૌધરી, આનંદ ચૌધરી |
| **● સુરત** | |
| દર્શનાબેન જરદોશ, નીતિન ભજીયાવાલા, અજય ચોકસી, દર્શિની કોડીયા | ધનશ્યામ લાખાણી, ચેતન પટેલ અને પપ્પન તોગડિયા |
| **● દાહોદ** | |
| જશવંતસિંહ ભાભોર | બાબુ કટારા, તેના પુત્ર ભાવેશ કટારા, પ્રભાબેન તાવિયાડ અને ચંદ્રીકા બારિયા |
| **● ખેડા** | |
| દેવસિંહ ચૌહાણ, અર્જુન ચૌહાણ | બીમલ શાહ, નટવરસિંહ ઠાકોર |
| **● આણંદ** | |
| દીલીપ પટેલ, રોહિત પટેલ, દીપક સાથી | ભરતસિંહ સોલંકી (જાહેર) |
| **● છોટાઉદેપુર** | |
| રામસિંહ રાઠવા, જયંતિ રાઠવા, જશુભાઈ રાઠવા, ગીતાબેન રાઠવા | જયંત રાઠવા (જાહેર) |
| **● પંચમહાલ** | |
| પ્રભાતસિંહ ચૌહાણ, સી.કે. રાઉલજી, તુષાર મહારાવ, નીમિષાબેન સુથાર | પ્રભાબેન તાવીયાડ |
| **● મહેસાણા** | |
| જયશ્રીબેન પટેલ, ઋત્વિજ પટેલ, રજનીભાઈ પટેલ, સી.કે. પટેલ, કે.સી. પટેલ | જી એમ પટેલ, કીરીટ પટેલ અને કીર્તિસિંહ ઝાલા |
| **● પાટણ** | |
| લીલાધર વાઘેલા, નટુજી ઠાકોર, ભરતસિંહ ડાભી, ભાવસિંહ રાઠોડ | જગદિશ ઠાકોર અને અલ્પેશ ઠાકોર |
| **● બનાસકાંઠા** | |
| હરિભાઈ ચૌધરી, પરથીભાઈ ભટોળ, શંકરભાઈ ચૌધરી, પ્રવિણભાઈ કોટક | ગોવા દેસાઈ, લાલજી દેસાઈ અને દિનેશ ગઢવી, ભટોળ |
| **● સાબરકાંઠા** | |
| દીપસિંહ રાઠોડ, ડૉ. મહેન્દ્રસિંહ ચૌહાણ, જયસિંહ ચૌહાણ | મહેન્દ્રસિંહ બારિયા, રાજેન્દ્રસિંહ કુંપાવત, ધારાસભ્ય રાજેન્દ્ર ઠાકોર |
| **● જામનગર** | |
| પૂનમ માડમ, રીવાબા જાડેજા, રાઘવજી પટેલ | મૂળૂભાઈ કંડોરિયા અને હેમંત ખાવા |
| **● અમરેલી** | |
| નારણ કાછડીયા, ડૉ. ભરત કાનાબાર, હિરેનભાઈ હિરપરા | પરેશ ધાનાણી, જેની ઠૂમ્મર, કોકીલા કાકડિયા, પ્રતાપ દૂધાત |
| **● ભાવનગર** | |
| ભારતીબેન શિયાળ, રાજેન્દ્રસિંહ રાણા, હીરાભાઈ સોલંકી | નાનુ વાઘાણી, કરશન વેગડ, ભીખા જાજડિયા |
| **● સુરેન્દ્રનગર** | |
| દેવજી ફતેપરા, શંકરભાઈ વેગડ, રોહિત ભામાશા | સોમા પટેલ, લાલજી મેર, ઋત્વીક મકવાણા અને કલ્પનાબેન મકવાણા |
| **● અમદાવાદ પૂર્વ** | |
| મનોજ જોશી, સી.કે. પટેલ, ભૂષણ ભટ્ટ | હિમાંશુ પટેલ અને રોહન ગુપ્તા |
| **● અમદાવાદ પશ્ચિમ** | |
| કીરીટ સોલંકી, રમણલાલ વોરા, આત્મારામ પરમાર | રાજુ પરમાર (જાહેર) |
| **● રાજકોટ** | |
| મોહન કુંડરીયા, ધનસુખ ભંડેરી, પરેશ ગજેરા | લલીત કગથરા, ઉર્વશી પટેલ, હેમાંગ વસાવડા અને હિતેષ વોરા |
| **● કચ્છ** | |
| વિનોદ ચાવડા, નરેશ મહેશ્વરી | નરેશ મહેશ્વરી, કોકીલા પરમાર અને નૌશાદ સોલંકી |
| **● પોરબંદર** | |
| લલીત રાદડીયા, જશુમતી કોરાટ, ભરત બોઘરા | લલીત વસોયા અને અર્જૂન મોઢવાડિયા |
| **● જૂનાગઢ** | |
| રાજેશ ચુડાસમા, જ્યોતિબેન વાછાણી, ભગવાન કરગઠિયા | પૂંજા વંશ અને જલ્પા ચૂડાસમા, હિરાભાઈ જોટાવા, બાબ વાજાની |
| **● ગાંધીનગર** | |
| અમીત શાહ, એલ.કે. અડવાણી, અથવા રાષ્ટ્રીયકક્ષાના નેતા | સી જે ચાવડા, હિમાંશુ વ્યાસ |

# વાહનો માટે ટુંકમાં નવી સિરીઝ ઓપન થશે

## જીજે ૧૮ બી એલ અને ડી એફની નવી સિરીઝ શરૂ થશે : ૫ એપ્રિલે પસંદગીના નંબરો માટે હરાજી

ગાંધીનગર તા ૧૯

ગાંધીનગર આર ટી ઓ કચેરી દ્વારા ટુ વ્હીલર તેમજ ફોર વ્હીલર માટેના નંબરોને અનુલક્ષીને ટુંકમાં જ નવી સીરીઝ શરૂ કરાશે. જેમાં જી જે ૧૮ બી એલ અને જી જે ૧૮ બી એફની આ નવી સિરીઝને અનુલક્ષી આગામી તા ૩ એપ્રિલ સુધીમાં પસંદગીના નંબર માટે અરજી કરવા પણ વાહનમાલિકોને જણાંવ્યુ છે. જયારે તા ૫ એપ્રિલના રોજ સવારે ૧૦ કલાકે ઓનલાઈન હરાજીની પ્રક્રીયા હાથ ધરાશે.

ગાંધીનગર આર ટી ઓ કચેરી તરફથી સરકારને મોટી આવક થાય છે. જેમાં વાહનોની

● અનુસંધાન પાન-૭ પર

# સોમવારથી ઘઉંના પાકની આવક શરૂ થશે : ખેડૂતો

ગાંધીનગર, તા. ૧૯

હોળીના પર્વ પછી તુરત જ ઘઉંના પાકની આવક બજારોમાં શરૂ થશે તેમ કૃષિક્ષેત્ર સાથે સંકળાયેલા સૂત્રોનું કહેવુ છે.

છેલ્લા બે દિવસથી જે રીતે દિવસે ગરમીના પ્રમાણમાં વધારો થઈ રહ્યો છે તે ધ્યાને લેતાં બજારમાં ઘઉંના નવા પાકની આવક હોળી પછી શરૂ થઈ જશે. અર્થાત સોમવારની આસપાસ બજારમાં ઘઉં આવશે.

કૃષિક્ષેત્રના અગ્રણીઓ સાથે થયેલી વાતચીત મુજબ જિલ્લામાં ઉનાળુ સિઝનમાં પણ ઘાસચારાના વાવેતર પર ખેડૂતો વધુ ધ્યાન કેન્દ્રીત કરશે. જિલ્લામાં ચોમાસુ નિષ્ફળ ગયુ છે અને પાણીના સ્તર પણ જે ઝડપથી નીચે જઈ રહ્યા છે તે ધ્યાને લેતાં પાકની વાવણી કરતાં પશુધનને ખવડાવવા માટે ઘાસચારાની વાવણી વધુ થશે.

જિલ્લામાં ઘઉં, રાયડા અને બટાટાના પાકના ઉત્પાદનને સંબંધ છે ત્યાં સુધી સારૂ ઉત્પાદન મળશે. ઘઉંના પાકની ટેકાના ભાવે ખરીદવાની સરકારે જાહેરાત કરી દીધેલ છે અને હાલ તે માટેની રજીસ્ટ્રેશનની કામગીરી પણ ચાલી રહી છે.

# સત્યના વિજય અને સામાજિક સમરસતાનુ પર્વ : હોળી - ધુળેટી

## પંચાગ મુજબ સાંજે ૮ : ૫૯ હોળીદહન માટેનો સમય – હોળી દહન દરમિયાન ધાણી, ખજુર, શ્રીફળ, છાણા હોમવાના એક યજ્ઞનો ધુમાડો રોગિષ્ટ તત્વોને પણ દુર કરે છે

ગાંધીનગર તા ૧૯

આજે હોળી ..ભક્ત પ્રહલાદ અને સત્યના વિજય સાથે સંકળાયેલા આ પર્વની ઉજવણીનુ વિશેષ મહત્વ છે. ધર્મ ,સત્ય , સામાજિક સમરસતા, આરોગ્ય અને પર્યાવરણ સાથે જોડાયેલા આ પર્વની ઉજવણી માટે શહેરના સેકટરોની શેરીએ શેરીએ તૈયારીઓ કરી દેવામાં આવી છે. બુધવારે હોળી ન પ્રગટાવાય તે એક માત્ર અંધશ્રધ્ધાની વાત છે. હોળીદહન માટે પંચાગ મુજબ સાંજે ૮: ૫૯ નો સમય છે. જયારે શાસ્ત્ર મુજબ સમયનુસાર જ હોળી પ્રગટાવવી જ જોઈએ. પર્યાવરણને અનુલક્ષીને સેકટરોમાં અલગ અલગ ઠેકાણે નહીં પરંતુ એક જ સ્થળે હોળીદહન થવુ જોઈએ. નગરના ધર્માધ્યક્ષ ફુલશંકર શાસ્ત્રીએ જણાંવ્યા મુજબ હોળી દહન વેળાએ તેમાં છાણ,ધાણી, દાળિયા, શ્રીફળ હોમવામાં આવે છે. હોળીદહનમાંથી ઉઠતો આ ધુમાડો બ્રહ્માંડમાં પ્રસરતા વાતાવરણ પણ નિરોગી બને છે. હોળી દહનનો તાપ લેવાથી આખુ વર્ષ તાવ આવતો નથી.



આજના યુગમાં પર્યાવરણ બચાવોનુ સુત્રા સાર્થક કરવા માટે પ્રકૃતિ પ્રેમીઓ અનેક રીતે પ્રયાસરૂપ છે. હોળીનુ પર્વ સમાજને અનેક સંદેશો આપે છે. સત્ય , સામાજિક સમરસતા ,આરોગ્ય અને પર્યાવરણની સાથે જોડાયેલા આ પર્વનુ ધાર્મિક તેમજ સામાજિક રીતે અનેક મહત્વ છે. આ અંગે નગરના ધર્માધ્યક્ષ ફુલશંકર શાસ્ત્રીએ જણાંવ્યુ હતુ કે હોળી દહન બુધવારે ન થાય તે એક અંધશ્રધ્ધાની વાત છે. હોળીદહન માટે આ વર્ષે પંચાગ મુજબ શાસ્ત્રોક્ત સમય સાંજે ૮ :૫૮ નો છે. આ સમયે વિષ્ઠી નક્ષત્ર છુટુ પડે છે. ભક્ત પ્રહલાદનો વિજય એટલે કે સત્યનો વિજય અને હોળીકાનુ દહન તે વાર્તા સાથે જોડાયેલા આ પર્વની ઉજવણી સાથે આધ્યાત્મિક ઉપરાંત અનેક સામાજિક હીતો પણ જોડાયેલા છે. સત્યનો વિજય હંમેશા થાય છે.સત્યના રસ્તે જનારાને કોઈ નુકશાન કરી શકતુ નથી. જયારે હોળી દહન વેળાએ તેમાં ધાણી, શ્રીફળ ,દાળિયા સહીતની ખાદ્યસામગ્રી પણ હોમવામાં આવે છે. છાણાં પણ હોમાય છે. જેમાંથી ઉઠતો ધુમાડો વાતાવરણમાં શુધ્ધિ લાવે છે.જયારે વાતાવરણમાં રોગિષ્ટ તત્વોનો નાશ થાય છે. આ ઉપરાંત નાના બાળકોને પણ પ્રથમ હોળીએ પગે લગાડવાનો રિવાજ છે. હોળી તાપે તેને તાવ ન આવે તેવી માન્યતામાં પણ વજુદ છે. ગામડામાં કુંભને દાટીને તેમાં હોળી પ્રગટાવામાં આવે છે. જેમાં જે ધાન્ય વધુ પાકે તે પાકનુ વાવેતર વધુ કરવામાં આવે છે. હાલ શહેરના સેકટરોમાં સોસાયટીઓમાં અનેક ઠેકાણે હોળી દહન કરવામાં આવે છે. ત્યારે એક સેકટર દિઠ એક કે બે જગ્યાએ જ હોળી દહનનો કાર્યક્રમ કરી પર્યાવરણની પણ દરકાર લેવી જોઈએ તેમ પણ તેમણે જણાંવ્યુ છે.

# જિલ્લામાં પ્રા. શાળાની પરીક્ષાઓ બે તબક્કામાં

## લેખિત પરીક્ષા ૮મી એપ્રિલથી જ્યારે શારિરીક શિક્ષણ, ચિત્ર-સંગીતની પરીક્ષા ચૂંટણી પછી : પરિણામ સર્વશિક્ષા અભિયાન દ્વારા તૈયાર કરી આપવામાં આવશે : તંત્ર

ગાંધીનગર, તા. ૧૯

ગાંધીનગર જિલ્લાની પ્રાથમિક શાળાઓમાં બે તબક્કે બીજા સત્રનું મૂલ્યાંકન યોજવામાં આવશે.

જિલ્લાની ૬૨૭ જેટલી શાળાઓમાં આશરે ૧.૫૦ લાખ જેટલા બાળકોનુ મૂલ્યાંકન થશે. ધો. ૩ અને ૪ના બાળકોની ઉત્તરવહી એજ પ્રશ્નપત્ર હશે જ્યારે ૫ થી ૮ ના બાળકોએ પ્રશ્નપત્રના આધારે અલગ ઉત્તરવહીમાં ઉત્તરો લખવાનો રહેશે.

શિક્ષણ વિભાગ દ્વારા આ અંગેનો નિર્ણય કરી અને તેની જાણ દરેક જિલ્લાને કરી દેવામાં આવી છે. ગત વર્ષની રાજ્ય સરકારે આખા રાજ્યમાં પ્રાથમિક શાળાઓની પરીક્ષાઓ એક સાથે યોજવાનો નિર્ણય કર્યો હતો.

આજે જાહેર થયેલ કાર્યક્રમ મુજબ ૮ થી ૧૫ એપ્રિલ દરમ્યાન લેખિત અને મૌખિક પરીક્ષાઓ સંપન્ન કરાશે. જ્યારે આજ બાળકોની શારીરિક શિક્ષણ, ચિત્રકલા, તેમજ સંગીતના વિષયોની પરીક્ષાઓ લોકસભાની ચૂંટણી પછી ૨૬, ૨૭ અને ૨૯ એપ્રિલ દરમ્યાન યોજાશે.

ધો. ૩ અને ૪ નું મૂલ્યાંકન ૪૦ ગુણાંકનું રહેશે જ્યારે ધો. ૫ થી ૮ નું મૂલ્યાંકન ૮૦ ગુણાંકનું રહેશે. આ પરીક્ષાઓમાં ઉત્તરવહીઓની ૨૫ ટકા ચકાસણી અન્ય શાળાના શિક્ષકો દ્વારા કરાશે તેમજ પરીક્ષાના સુપરવિઝન માટે અન્ય શાળાના શિક્ષકો દ્વારા કરાશે.

મળતી વિગતો મુજબ આ પરિણામની ઓનલાઈન ડેટા એન્ટ્રી કરવાની રહેશે તેમજ તે માટે અલગથી વિગતવાર કાર્યક્રમની સૂચના અપાશે. પરિણામ સર્વશિક્ષા અભિયાન દ્વારા આપવામાં આવશે.

પરીક્ષાના ત્રણ દિવસ અગાઉ જિલ્લા પ્રા. શિક્ષણાધિકારીએ પણ દરેક શાળાઓ પર જઈ પરીક્ષાના આયોજનની ચકાસણી પણ કરવાની રહેશે.

આ પરીક્ષા માટે એ, બી, સી, અને ડી એમ ચાર ગૃપમાં પ્રશ્નપત્રો તૈયાર કરવામાં આવશે અને ગૃપની પસંદગી જે તે શાળાએ જિલ્લા પ્રા.શિ.અ.ને આપવાની રહેશે. તે પ્રમાણે શાળાએ પ્રશ્નપત્રો મોકલવામાં આવશે.



**ફળોનો રાજા કેરી વાજતે ગાજતે આવી રહી છે**

ઉનાળાનો આરંભ થતાં જ કેરીનું આગમન થઈ જાય છે... ગુજરાતમાં કેરીનો મોટો મહિમા છે... ગુજરાતીની થાળીમાં ઉનાળા દરમિયાન કેરી અને કેરીનો રસ અવશ્ય જોવા જ મળે છે.. આપણે ત્યાં કેટલાક એવી પણ માન્યતા ધરાવે છે કે હોળીમાં હોમ્યા પહેલા કેરી ખવાય નહીં. આંબા ઉપર લટકતી આ કેરી દરેકના મોમાં પાણી લાવશે.. આગામી દિવસોમાં કાચી કેરીનું આગમન બજારમાં થઈ જશે...

# જિલ્લામાં છેલ્લા ત્રિમાસિક ગાળામાં બેંકોની ડિપોઝીટોમાં ૧૭૭ કરોડનો ઘટાડો

## કૃષિ-હાઉસીંગ ક્ષેત્રમાં ધિરાણ ઘટ્યુ પરંતુ અગ્રતા ધરાવતા ક્ષેત્રમાં અને લઘુ-મધ્યમ ઉધોગક્ષેત્રે ધિરાણ વધ્યુ : ક્રેડિટ ડિપોઝીટ રેસિયો વધ્યો પણ ૧૪ બેંકોનો સી.ડી. રેસિયો ૩૦ ટકાથી નીચે

ગાંધીનગર, તા. ૧૯

સપ્ટેમ્બરથી ડિસેમ્બર-૨૦૧૮ના ત્રિમાસીક ગાળામાં જિલ્લાની બેંકોમાં ૧૭૭ કરોડની ડિપોઝીટ ઘટવા પામી હતી. જોકે અગ્રતા ધરાવતા ક્ષેત્રોમાં તેમજ મધ્યમ અને લઘુ ઉદ્યોગોને અપાયેલા ધિરાણને પગલે જિલ્લાના ક્રેડીટ ડિપોઝીટ રેસિયામાં ૫.૩૬ ટકાનો સુધારો નોંધાયો છે.

જિલ્લા કલેકટર એસ.કે. લાંગાના અધ્યક્ષપદે ગઈકાલે જિલ્લાસ્તરની બેંકર્સ રિવ્યુ કમિટીની મળેલ બેઠકમાં ક્રેકિડ ડિપોઝીટ રેસિયામાં થયેલા સુધારાને આવકારી હાઉસીંગ ક્ષેત્ર તેમજ કૃષિક્ષેત્ર અને કલ્યાણકારી યોજનાઓમાં ધિરાણમાં થયેલી પીછેહઠ અંગે ચિંતાની લાગણી પણ વ્યકત કરવામાં આવી હતી. જિલ્લામાં ખાનગીક્ષેત્ર અને પબ્લીક સેક્ટરની ૧૪ જેટલી બેંકોનો ક્રેડીટ ડિપોઝીટ રેસિયો જે ૩૦ ટકા કરતાં પણ ઓછો હોવાને લઈ ગંભીર ચિંતા વ્યક્ત કરવામાં આવી હતી.

મળતી વિગતો પ્રમાણે આ બેઠકમાં સપ્ટેમ્બર અંતિત અગ્રતા ધરાવતા ક્ષેત્રોમાં ૩૦ ટકા ધિરાણ થયુ હતુ તે ડિસે. ૧૮ અંતિત ૧.૧૪ ટકાનો ઘટાડો નોંધાયો છે. આજ પ્રમાણે આ જ ત્રિમાસિક ગાળામાં ૧.૨૦ ટકાનો ઘટાડો કૃષિક્ષેત્રમાં, કલ્યાણકારી યોજનામાં ૧.૩૨ ટકાનો ઘટાડો ધિરાણમાં નોંધાયો છે. આમ સરેરાશ ત્રણેય ક્ષેત્રમાં ૨.૩૩ ટકાનો ઘટાડો ચિંતાજનક છે.

ડિસેમ્બર અંતિત ૧૭૭ કરોડની ડિપોઝીટો જે ઘટી છે તેમાં પણ બેંકો ધ્યાન આપે તેવો આગ્રહ કરવામાં આવ્યો હતો.

બેંકિંગ ક્ષેત્રના સૂત્રોના જણાવ્યાનુસાર સર્વિસ એરિયા ક્રેડીટ પ્લાન અંતર્ગત જિલ્લાએ ૧૩૮ ટકાની સિદ્ધિ હાંસલ કરી છે. જેમાં પબ્લીક સેક્ટરોની બેંકોએ ૧૫૮ ટકા જેટલી જંગી ધિરાણ કર્યુ છે. તો ખાનગી બેંકોએ ૧૦૮ ટકા જેટલુ ધિરાણ કર્યુ છે. ક્ષેત્રીય ગ્રામીણ બેંકો અને સહકારી ક્ષેત્રની બેંકોએ પણ ૬૯ ટકા જેટલુ ધિરાણ કરી આ મહત્વની સિદ્ધિ હાંસલ કરી છે.

આ બેઠકમાં જિલ્લાના ૧૨ ગામો જે આજે પણ બેંક સેવાથી વંચિત રહ્યા છે તે અંગે દુઃખની લાગણી વ્યરક્ત કરી આ દિશામાં ઝડપથી કાર્યવાહી કરવા માટેની સૂચનાઓ આપવામાં આવી હતી.

જિલ્લાની બેંકોમાં વધતા જતા એન.પી.એ.ને લઈ પણ ચિંતા વ્યક્ત કરવામાં આવી હતી. આ માટે આવા ખાતાધારકો સાથે સતત સંપર્ક રાખી વસુલાતની કામગીરી સઘન બનાવવા પર પણ ભાર મુકવામાં આવ્યો હતો. ત્રણ બેંકોની એન.પી.એ. ૧૦ ટકા કરતાં પણ વધુ હોવાનું બહાર આવવા પામ્યુ

● અનુસંધાન પાન-૭ પર

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
BRIDGESTONE
apollo go the distance
એપોલો/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૯૭૭૩૪૧૭૮૩૮, ૮૧૪૦૪ ૬૦૭૬૭ (W)

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાઘે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા
ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
Kisan®
ashirvad
BENELAVE™
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com